# આકાશવાણી-ભુજ

## સમાચારવાચક : નેહલ ઠક્કર

## કોમ્પ્યુટરાઈઝડ : સુચિતા ટાંક

**તારીખ- ૧૭-૦૬-૨૦૨૪ સમય-સાંજે-૬.૨૫**

---

## <u>પ્રધાનમંત્રી-PM કિસાન નિધિ :</u>

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે વારાણસીમાં PM-કિસાન સન્માન નિધિ યોજનાનો 17મો હપ્તો જારી કરશે.આ અંતર્ગત આશરે નવ કરોડ ત્રણ લાખ ખેડૂતોના ખાતામાં લગભગ 20 હજાર કરોડ રૂપિયા જમા કરવામાં આવશે.

આ યોજના હેઠળ છેલ્લા દસ વર્ષમાં અત્યાર સુધીમાં 11 કરોડ ખેડૂતોના ખાતામાં ત્રણ લાખ કરોડ રૂપિયા જમા કરવામાં આવ્યા છે. કાર્યક્રમમાં પ્રધાનમંત્રી સ્વ-સહાય જૂથોની 30 હજારથી વધુ મહિલાઓને કૃષિ સખી તરીકેનાં પ્રમાણપત્રો એનાયત કરશે. શ્રી મોદી આવતીકાલથી બે દિવસ માટે ઉત્તરપ્રદેશ અને બિહારની મુલાકાતે જશે.

**RNU અમદાવાદ**

---

## <u>મન કી બાત :</u>

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 30 જૂનનાં રોજ આકાશવાણી પર ‘મન કી બાત’ કાર્યક્રમમાં દેશ વિદેશનાં લોકો સાથે પોતાનાં વિચારો રજૂ કરશે.દર મહિનાના અંતિમ રવિવારે પ્રસારિત થતા મન કી બાત કાર્યક્રમની આ 111મી કડી હશે.સતત ત્રીજીવાર પ્રધાનમંત્રી તરીકે ચૂંટાયા બાદ પ્રથમ વાર મન કી બાત કાર્યક્રમ પ્રસારિત થશે.

આગામી કાર્યક્રમ માટે લોકો ટોલ ફ્રીનંબર 1800-11-7800 પર પોતાનાં વિચારો અને સૂચનો મોકલી શકે છે.આ ઉપરાંત,નરેન્દ્ર મોદી એપ પર અથવા માય જીઓવી (MyGov) ઓપન ફોરમ દ્વારા પણ પોતાનાં વિચારો રજૂ કરી શેક છે.આ મહિનાની 28 તારીખ સુધીમાં સૂચનોને સ્વીકારવામાં આવશે.મન કી બાત કાર્યક્રમનું પ્રસારણ આકાશવાણી અને દૂરદર્શનનાં સંપૂર્ણ નેટવર્ક,એઆઇઆર ન્યૂઝ વેબસાઈટ અને ન્યૂઝ ઓન એરમોબાઇલ એપ પર કરવામાં આવશે.

એઆઇઆર ન્યૂઝ, ડીડી ન્યૂઝ,પ્રધાનમંત્રી કાર્યાલય તથા માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પરથી પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.આકાશાવાણી હિન્દી પ્રસારણ બાદ તરત જ પ્રાદેશિક ભાષાઓમાં પણ આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરશે.

**RNU અમદાવાદ**

---

## દેશ-ઈદ-અલ-અઝહા :

મુસ્લિમ બિરાદરો આજે ઈદ અલ અઝહાની ઉજવણી કરી રહ્યા છે. તેઓ ઈદગાહ અને મસ્જિદોમાં ઈદની નમાઝ અદા કરીને એકબીજાને ભેટીને ઈદની મુબારકબાદી આપી રહ્યા છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઈદના પવિત્ર અવસર પર દેશવાસીઓને શુભેચ્છા પાઠવી છે.પ્રધાનમંત્રી શ્રી મોદીએ જણાવ્યું છે કે ઇદ-અલ-અદહાનો આ અવસર સમાજમાં સૌહાર્દ અને એકતાના બંધનને વધુ મજબૂત કરશે.તેમણે દરેક વ્યક્તિ ખુશ અને સ્વસ્થ રહે તેવી શુભેચ્છા પણ પાઠવી હતી.

**RNU અમદાવાદ**

---

## કચ્છ-ઇદની ઉજવણી :

આજે સમગ્ર દેશ અને રાજ્યની સાથે કચ્છમાં ઇદ-ઉલ-અઝહા બકરી ઈદની ઉજવણી કરવામાં આવી રહી છે.આજે ભુજના હમીરસર કિનારે આવેલી મુખ્ય ઇદગાહ ખાતે તેમજ જિલ્લાભરમાં ઠેર-ઠેર મસ્જિદોમાં મોટી સંખ્યામાં ઇદની નમાઝ અદા કરવામાં આવી હતી.જે બાદ મુસ્લિમ બિરાદરોએ એકબીજાને પરસ્પર ઇદની શુભેચ્છાઓ પાઠવી હતી.

**NP-નેહલ ઠક્કર**

---

## કચ્છ-શિક્ષણ તંત્ર સુરક્ષા ચકાસણી :

કચ્છના શિક્ષણ તંત્ર દ્વારા છાત્રોની  સુરક્ષા ચકાસણીનો પ્રારંભ થયો હતો, જેમાં 2600 જેટલી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં 254 ટીમ દ્વારા ચકાસણી હાથ ધરાઇ હતી.આ ટીમો દ્વારા શાળામાં જરૂરી સાધનો તથા છાત્રની સલામતીની સૂક્ષ્મ તમામ બાબતોની વિગતો મેળવાઇ રહી છે.આ ઉપરાંત બાળકો શાળાએ આવવા જે વાહનોનો ઉપયોગ કરે છે તે વાહન સુરક્ષિત છે કે નહીં તેની તકેદારી રાખવા શાળા સંચાલક મંડળને સુનિશ્ચિત કરવા સૂચના અપાઈ છે.આ ઝુંબેશ અવિરત ચાલુ રહેશે અને શાળાઓ દ્વારા કચાશ ન રહે તેનું સઘન મોનિટરિંગ હાથ ધરાશે, તેવું જિલ્લા શિક્ષણાધિકારીએ જણાવ્યું હતું.

**NP-નેહલ ઠક્કર**

---

## <u>નખત્રાણા-માંડવી-વરસાદ :</u>

કચ્છ જિલ્લામાં વાદળછાયા વાતાવરણ અને ભારે ઉકળાટ ભર્યા માહોલ વચ્ચે આજે સતત ચોથા દિવસે મેઘરાજાએ હાજરી પુરાવી હતી.ગઈકાલે નખત્રાણા પંથકમાં મેઘ મહેર બાદ આજે સવારે માંડવી વિસ્તારમાં પણ વરસાદ વરસ્યો હતો.માંડવી પંથકના જામથડા,દરશડી,મમાયમોરા,પીયાવા વગેરે વિસ્તારમાં વરસાદી ઝાપટા વરસતા પાણી વહી નિકળ્યા હતા.જયારે બપોરે ૧૧ વાગ્યાના અરસામાં રત્નાપર, મઉં,મકડા,ગઢશીશા વિસ્તારમાં વરસાદ થયો હતો.વરસાદી ઝાપટાથી ગામો અને ખેતરોમાં પાણી વહી નિકળ્યા હતા.કચ્છમાં છેલ્લા ચાર દિવસથી અનેક વિસ્તારોમાં છાંટા અને ઝાપટા સ્વરૂપે મેઘરાજાએ હાજરી પુરાવી છે.

**NP-નેહલ ઠક્કર**

---

## <u>હવામાન :</u>

હવામાન વિભાગ દ્વારા વધુ બે દિવસ કચ્છમા હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે.જિલ્લામાં વધુ બે દિવસ વાદળછાયા વાતાવરણ સાથે વિવિધ વિસ્તારોમાં વરસાદ થવાની શકયતા દર્શાવવામાં આવી છે.સાથે પવનની ઝડપમાં પણ વધારો થશે.જિલ્લામાં પવનની ગતિ વધીને ૩૦થી ૪૦ કિલોમીટર પ્રતિકલાક રહેવાનું અનુમાન છે.

**NP-નેહલ ઠક્કર**

---